# શનિ-રવિની રાત્રે દાદર નાયગાંવમાં બ્લોકથી અનેક ટ્રેનોના રૂટ બદલાશે

**અનેક** એક્સપ્રેસ ટ્રેનો બોરીવલી શોર્ટ ટર્મિનેટ થશે, માત્ર લોકલ જ નહીં પરંતુ ગુજરાતથી મુંબઈ આવતી અને જતી ટ્રેનોને પણ અસર થશે

સુરતઃ આગામી 15, 16 અને 17 મેની મધ્યરાત્રિ દરમિયાન દાદર સ્ટેશન ખાતે અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમના કમિશનિંગ અને નાયગાંવ સ્ટેશન પર ફૂટ ઓવરબ્રિજના ગર્ડર લોન્ચ કરવા માટે આ બ્લોક લેવામાં આવશે. જોકે, રાહતની વાત એ છે કે રવિવારે દિવસે કોઈ બ્લોક રાખવામાં આવ્યો નથી, પરંતુ રાત્રિના બ્લોકને કારણે લોકલ અને લાંબા અંતરની ટ્રેનોના શિડ્યુલ ખોરવાશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, આ કામગીરીને કારણે મુંબઈ સેન્ટ્રલથી સાંતાક્રુઝ વચ્ચેની તમામ ફાસ્ટ ટ્રેનોને સ્લો લાઇન પર ડાયવર્ટ કરાશે, જ્યારે ભાયંદર અને વસઈ રોડ વચ્ચેની સ્લો લાઇન ટ્રેનો ફાસ્ટ લાઇન પર દોડશે. રેલવે પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે 17મી મે, રવિવારના રોજ દિવસ દરમિયાન કોઈ પણ પ્રકારનો બ્લોક રાખવામાં આવ્યો નથી. જેથી રવિવારે રજાના દિવસે ફરવા નીકળતા મુંબઈગરાઓને કોઈ તકલીફ પડશે નહીં. જોકે, રાત્રિના બ્લોક દરમિયાન કેટલીક લોકલ ટ્રેનો રદ કરવામાં આવી છે, જેની વિગતવાર માહિતી સ્ટેશન માસ્ટર પાસેથી મળી શકશે. પ્રવાસીઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ આ ફેરફારોને ધ્યાનમાં રાખીને જ પોતાની મુસાફરીનું આયોજન કરે.

### સૌરાષ્ટ્ર મેઈલ સહિતની ટ્રેનોના રૂટ ટૂંકાવવામાં આવ્યા

» સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (19016): 15મી મેના રોજ પોરબંદરથી ઉપડતી ટ્રેન બોરીવલી ખાતે ટૂંકાવી દેવાશે. » સૌરાષ્ટ્ર મેઈલ (22946): 16મી મેના રોજ ઓખાથી ઉપડતી ટ્રેન 2 કલાક 15 મિનિટ મોડી દોડશે અને બોરીવલી ખાતે મુસાફરોને ઉતારી દેવામાં આવશે. » ખાનદેશ એક્સપ્રેસ અને એકતા નગર એક્સપ્રેસઃ આ ટ્રેનો દાદરને બદલે બોરીવલીથી ઉપડશે. ગુજરાત સુપરફાસ્ટ (22953): 17મી મેના રોજ મુંબઈ સેન્ટ્રલથી 30 મિનિટ મોડી ઉપડશે. હનુમાનગઢ-દાદર એક્સપ્રેસઃ » સુરત અને વિરાર વચ્ચે અડધો કલાક રેગ્યુલેટ કરવામાં આવશે.

સુરતના સંખ્યાબંધ વિદ્યાર્થીઓ ધરાવતી પાટણ જિલ્લાની

# સિદ્ધપુર ડેન્ટલ કોલેજમાં ઈન્ટર્નના સ્ટાઈપેન્ડમાં રૂ.૪ હજારનો વધારો

**અગાઉ** માસિક 12 હજાર મળતાં હતા, પરંતુ હવેથી માસિક 20160 રૂપિયા સ્ટાઈપેન્ડ તરીકે મળશે

### વિદ્યાર્થીઓની મહેનતની કદર કરવામાં આવી છે: આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આ અંગે જણાવ્યું હતું કે, આ નિર્ણય માત્ર આર્થિક સહાય નથી, પરંતુ વિદ્યાર્થીઓની મહેનત અને સમર્પણની કદર છે. કોલેજના ડીન અને વહીવટી વિભાગ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા સમક્ષ વિદ્યાર્થીઓના હિતમાં યોગ્ય સ્ટાઈપેન્ડ મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

ગાંધીનગરઃ સિદ્ધપુર ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલના ઈન્ટર્ન ડોક્ટરોના સ્ટાઈપેન્ડમાં આઠ હજારનો વધારો જાહેર કરવામાં આવ્યો છે

સિદ્ધપુર ડેન્ટલ કોલેજમાં સુરતમાંથી અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સિદ્ધપુર ડેન્ટલ કોલેજના વિદ્યાર્થીઓએ ઓછુ સ્ટાઈપેન્ડ મળતું હોવાની રજૂઆત આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાને કરી હતી, જેના પગલે પાનસેરિયાએ આ બાબત ચકાસી લેવા માટે આરોગ્ય વિભાગને સૂચના આપી હતી. જેમા ટેકનિકલ કારણોસર સિદ્ધપુર ડેન્ટલ કોલેજના ઈન્ટર્ન ડૉક્ટરોને 8 હજાર જેટલું સ્ટાઈપેન્ડ ઓછું મળતું હોવાની વિગતો બહાર આવી હતી. જેના પગલે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનોએ સરકારની મંજૂરી સાથે ત્વરીત નિર્ણય લઈને સિદ્ધપુર ડેન્ટલ કોલેજના ઈન્ટર્ન ડૉક્ટરોને પૂરૂ રૂા.20160 સ્ટાઈપેન્ડ આપવાનો નિર્ણય લીધો હતો, જેના વહીવટી આદેશ પણ કરી દેવાયા છે.

# 6.38 કરોડના ખર્ચે જિલ્લાની ૨૪૨ આંગણવાડીઓનો કાયાકલ્પ થશે

**ICDSની** વિશેષ ઝુંબેશથી ૯૬.૪૧% કામગીરી પૂર્ણ, બાળકોને મળશે આધુનિક અને સુવિધાસભર વાતાવરણ

સુરતઃ સુરત જિલ્લા પંચાયત હસ્તકની ICDS શાખાએ વર્ષ ૨૦૨૫-'૨૬ દરમિયાન આંગણવાડીઓના મેન્ટેનન્સ અને નવીનીકરણ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરી જિલ્લામાં નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. જિલ્લામાં હાલ કુલ ૧૭૩૩ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જેમાંથી ૧૩૪૪ કેન્દ્રો એટલે કે ૭૭.૫૫ ટકા કેન્દ્રો પોતાના સરકારી મકાનમાં કાર્યરત છે. આંગણવાડીઓના મેન્ટેનન્સ અને રિનોવેશન માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૪.૩૮ કરોડ તથા જિલ્લા પંચાયતના સ્વ-ભંડોળમાંથી રૂ.૨ કરોડ મળી કુલ રૂ.૬.૩૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. નવીનીકરણની જરૂરિયાત ધરાવતા ૨૫૧ આંગણવાડી કેન્દ્રને ધ્યાનમાં રાખી તા. ૧૬ જાન્યુઆરીથી ૩૧ માર્ચ-૨૦૨૬ દરમિયાન વિશેષ રિનોવેશન ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. ઝુંબેશના અંતે ૨૫૧ પૈકી ૨૪૨ કેન્દ્રનું સફળતાપૂર્વક નવીનીકરણ પૂર્ણ કરવામાં આવ્યું હતું, જે ૯૬.૪૧ ટકા જેટલી નોંધપાત્ર સિદ્ધિ ગણાય છે.

આ ઝુંબેશ અંતર્ગત આંગણવાડીઓમાં રંગરોગાન, મરામત, સ્વચ્છતા, બાળકો માટે અનુકૂળ માળખું અને જરૂરી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જિલ્લા પંચાયત દ્વારા આગામી સમયમાં રાજ્ય સરકારના સહયોગથી નવા ૭૭ આંગણવાડી કેન્દ્રના નિર્માણ અને મરામતનું આયોજન પણ હાથ ધરાયું છે. ઉપરાંત, અન્ય ૫૮૦ કેન્દ્રમાં નાના-મોટા રિનોવેશનની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. સુરત જિલ્લા પ્રોગ્રામ ઓફિસરે જણાવ્યું હતું કે, બાળકોને ઉત્તમ શૈક્ષણિક અને પોષણયુક્ત વાતાવરણ મળી રહે તે માટે ICDS શાખા સતત પ્રતિબદ્ધ છે અને સરકાર સાથે સંકલન સાધી આંગણવાડીઓના આધુનિકીકરણ માટે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવશે.

# સુરતના જ્વેલર્સના રૂપિયા 54 લાખના દાગીના લઈ કોલકાતાનો ગઠિયો છૂ

**67.50** લાખના દાગીના ખરીદી 13 લાખ ચૂકવ્યા બાદમાં દુકાન બંધ કરી ફરાર

સુરતઃ વરાછા વિસ્તારમાં દુકાન ધરાવતા એક જાણીતા જ્વેલર પાસેથી કોલકાતાના ગઠિયાએ રૂપિયા ૬૭.૫૦ લાખની કિંમતના દાગીના મેળવ્યા બાદ માત્ર ૧૩.૫૦ લાખ ચૂકવી બાકીના ૫૪ લાખ ઓળવી જઈ પોતાની પેઢીને તાળા મારી ફરૂચક્કર થઈ ગયો હતો.

વરાછાની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા અને જ્વેલરીના વ્યવસાય સાથે સંકળાયેલા મનિષકુમાર વાલજીભાઈ બેલડીયા વરાછા પોલીસ સ્ટેશનની બરાબર સામે આવેલા 'સેન્ટ્રલ બજાર'ના ત્રીજા માળે 'જ્વેલ્સફ્રેયા' નામની પેઢી ધરાવે છે. તેમની પેઢીનો સંપર્ક કોલકાતા સ્થિત 'કામખ્યા જ્વેલરી'ના પ્રોપરાયટર રીતેશસિંહ સુભાષચંદ્રએ કર્યો હતો. તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૫થી રીતેશસિંહે મનિષભાઈની દુકાનમાંથી અલગ-અલગ સમયે ટુકડે-ટુકડે કુલ રૂ.૬૭,૫૦,૪૫૩ની જ્વેલરીની ખરીદી કરી હતી. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીએ બેંક મારફતે રૂ.૧૩.૫૦ લાખનું પેમેન્ટ ચૂકવી દીધું હતું.

જોકે, બાકીના રૂ.૫૪,૦૦,૪૫૩ની રકમ ચૂકવવામાં રીતેશસિંહ છેલ્લા ઘણા સમયથી ગલ્લાતલ્લા કરતો હતો. મનિષભાઈએ જ્યારે બાકી નીકળતી માતબર રકમની કડક ઉઘરાણી શરૂ કરી ત્યારે આરોપીએ વાયદાઓ આપવાનું શરૂ કર્યું હતું.

અંતે જ્યારે સુરતના વેપારીએ દબાણ વધાર્યું ત્યારે આરોપી રીતેશસિંહે કોલકાતામાં આવેલી પોતાની દુકાન રાતોરાત બંધ કરી દીધી હતી અને પોતાનો મોબાઈલ ફોન પણ બંધ કરી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. પોલીસની એક ટીમ આ મામલે તપાસ માટે કોલકાતા રવાના થાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

# દક્ષિણ ગુજરાતમાં ઘાતક લેપ્ટો. સામે ચોમાસા પહેલાં સઘન સર્વેલન્સ શરૂ

**હાઈરિસ્ક** વિસ્તારોમાં ડોર-ટુ-ડોર સરવે, ગોળીઓનું વિતરણ અને જનજાગૃતિ અભિયાન હાથ ધરાશે

### વર્ષ-2025માં સુરત જિલ્લામાં લેપ્ટોના 10 કેસ અને એક મોત નોંધાયું

વર્ષ ૨૦૨૫ દરમિયાન સુરત જિલ્લામાં લેપ્ટોના ૧૦ કેસ અને એક મોત નોંધાયું હતું. વલસાડમાં ચાર કેસ અને એક મોત, તાપીમાં નવ કેસ અને એક મોત, નવસારીમાં નવ કેસ તથા સુરત મનપા વિસ્તારમાં બે કેસ નોંધાયા હતા. દક્ષિણ ગુજરાતમાં કુલ ૩૭ કેસ અને ચાર મોત નોંધાતા આરોગ્ય વિભાગે આ વર્ષે વધુ સતર્કતા દાખવી છે.

સુરતઃ આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને લેપ્ટોસ્પાયરોસીસ રોગના અટકાયત અને નિયંત્રણ માટે રાજ્ય આરોગ્ય વિભાગ સક્રિય બન્યું છે. ગાંધીનગર આરોગ્ય વિભાગના અધિક નિયામક ડો. નિલમ પટેલના અધ્યક્ષસ્થાને સુરત ખાતે દક્ષિણ ગુજરાતના ચાર જિલ્લાઓના આરોગ્ય, પશુપાલન અને ખેતીવાડી વિભાગના અધિકારીઓ સાથે મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સ્ટેટ એપિડેમિયોલોજીસ્ટ ડો. જયેશ સોલંકી, એપિડેમિક ઓફિસર ડો. વિજય પટેલ, મેડિકલ ઓફિસર ડો. કાપડિયા સહિત અનેક અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં ડો. નિલમ પટેલે જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન સાવચેતી અત્યંત જરૂરી છે. ખાસ કરીને પાણી ભરાતા વિસ્તારો અને હાઈરિસ્ક વસ્તી ધરાવતા ગામોમાં સઘન સર્વેલન્સ, દવાઓનું વિતરણ અને લોકો સુધી જાગૃતિ પહોંચાડવા પર ભાર મૂકાયો હતો. લોકોમાં માત્ર ગોળીઓનું વિતરણ પૂરતું નથી, પરંતુ તે દવાઓનું નિયમિત સેવન થાય તેની પણ દેખરેખ રાખવી જરૂરી છે. લેપ્ટોના કેસો ઝડપથી ઓળખાઈ જાય તો તાત્કાલિક સારવારથી મૃત્યુદર ઘટાડવો શક્ય બને છે.

બેઠકમાં અધિકારીઓને ડોર-ટુ-ડોર સર્વે, પેમ્પલેટ-બેનર દ્વારા જનજાગૃતિ, ઝડપી ટેસ્ટિંગ અને દવાઓની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી. પશુપાલન વિભાગને પણ પશુઓના સેમ્પલ ટેસ્ટિંગ અને રોગ નિયંત્રણ માટે આગોતરા આયોજન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ખાદ્યતેલના ડબ્બાના પેકિંગનું વજન ઘટાડી લૂંટ, PMથી CM સુધી ફરિયાદ

**ખાદ્ય** તેલમાં "શ્રીન્કફ્લેશન" મુદ્દે તેલિયા રાજાઓ સાથે સરકારના મેળાપીપણાનો દર્શન નાયકનો આક્ષેપ

### દર્શન નાયકે સરકાર સામે ઉઠાવ્યા પાંચ સવાલ

» 15 કિલો અને 15 લીટરના પેકિંગને ઘટાડીને 12.5 થી 13 કિલો/લીટર કરવાની મંજૂરી કઈ સત્તાએ આપી? » શું લીગલ મેટ્રોલોજી વિભાગ દ્વારા કોઈ સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું? » પેકિંગનું વજન ઓછું થયા છતાં ગ્રાહકોને ભાવમાં રાહત કેમ આપવામાં આવી નથી? » શું ઓઈલ મિલરો અને પેકેજિંગ કંપનીઓની તપાસ હાથ ધરાઈ છે? » સંગ્રહખોરી, કૃત્રિમ અછત અને કાર્ટેલાઇઝેશન સામે સરકારે શું પગલાં લીધાં છે?

સુરતઃ ગુજરાતમાં ખાદ્ય તેલના વધતા ભાવો અને "શ્રીન્કફ્લેશન" (જ્યાં વસ્તુની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી, પરંતુ તેની માત્રા અથવા કદમાં ઘટાડો કરવામાં આવે છે)નો મુદ્દો રાજકીય અને જાહેર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. ખેડૂત ,સહકારી આગેવાન અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન એ.નાયકે કેન્દ્ર અને રાજ્ય સરકારને સંબોધીને વિગતવાર રજૂઆત કરી છે, જેમાં ખાદ્ય તેલના પેકેજિંગમાં વજન ઘટાડીને ગ્રાહકોને આર્થિક રીતે નુકસાન પહોંચાડવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવાયું છે કે, અગાઉ બજારમાં 15 કિલો અથવા 15 લીટરના ખાદ્ય તેલના ડબ્બા સામાન્ય રીતે વેચાતા હતા. પરંતુ હવે અનેક બ્રાન્ડ્સે પેકિંગનું વજન ઘટાડીને 12.5 કિલો, 13 કિલો અથવા 13 લીટર સુધી સીમિત કરી દીધું છે. ચિંતાજનક બાબત એ છે કે વજન ઘટાડા છતાં ભાવોમાં કોઈ નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો નથી, ઉલટાનું બજારમાં ભાવ સતત વધી રહ્યા છે. નાયકે આ સમગ્ર પ્રક્રિયાને "શ્રીન્કફ્લેશન" ગણાવી ગ્રાહકો સામેની આર્થિક લૂંટ સમાન ગણાવી છે.

દર્શન નાયકે સમગ્ર મામલે તાત્કાલિક ઉચ્ચસ્તરીય તપાસ સમિતિ રચવાની માંગ કરી છે. સાથે જ "શ્રીન્કફ્લેશન" જેવી પદ્ધતિઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની પણ માંગણી કરવામાં આવી છે.

# VNSGUની પૂરક પરીક્ષાનો પરિપત્ર જાહેરઃ 31 મે સુધી ફોર્મ ભરવાની તક

**NEP** અને NON-NEP બંને વિદ્યાર્થીઓને મોકો

### એક્સટર્નલ વિદ્યાર્થીઓને પણ તક

એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે પણ પૂરક પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ગ્રેજ્યુએશનમાં બીએ અને બીકોમના ત્રીજા વર્ષ તથા પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એમએ અને એમકોમ પાર્ટ-૨ના વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસી શકશે. આ વિદ્યાર્થીઓએ પણ ઓનલાઈન અથવા ઓફલાઈન ૩૧ મે સુધીમાં ફોર્મ ભરવાના રહેશે.

સુરતઃ VNSGU દ્વારા આગામી જૂન-૨૦૨૬માં યોજાનારી પૂરક પરીક્ષાઓ માટેનો વિગતવાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીએ NEP તેમજ NON-NEP અભ્યાસક્રમ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૩૧ મે સુધી ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરવા સૂચના આપી છે.

યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિવિધ સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી સમયસર ફોર્મ ભરી શકશે નહીં તો તેને લેઈટ ફી સાથે ફોર્મ ભરવાની તક આપવામાં આવશે. જો કે, લેઈટ ફી સાથે ભરાયેલા ફોર્મનાં પેપરોની વ્યવસ્થા સંબંધિત કોલેજોએ સ્વખર્ચે કરવાની રહેશે. યુનિવર્સિટીએ વધુમાં સ્પષ્ટ કર્યું છે કે અગાઉની પરીક્ષામાં ગેરરીતિ (MPEC) મામલે સજા પામેલા અને હવે સજા પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ પણ જૂન-૨૦૨૬ની પૂરક પરીક્ષામાં બેસી શકશે. પરિપત્ર મુજબ બીકોમ અને બીબીએના સેમેસ્ટર-૫ અને ૬ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશનના સેમેસ્ટર-૩ અને ૪ના વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષામાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. આ સાથે યુનિવર્સિટીએ ABC IDને ફરજિયાત બનાવતાં જણાવ્યું છે કે ABC ID વગરના વિદ્યાર્થીઓએ પહેલાં પોતાનો ID બનાવવો અને ત્યારબાદ જ ઓનલાઈન ફોર્મ ભરવું રહેશે.

# રાંદેરમાં યુવતીના ફોટા વાયરલ કરવાની ધમકી આપી મિત્રનું માથું ફોડી નાંખ્યું

**ઉગત** કેનાલ રોડ પર ફોટા બાબતે તકરારમાં યુવતીના વિડીયો ઉતારવાના પ્રયાસથી ઉશ્કેરાયેલા શખ્સોએ હુમલો કર્યો

સુરતઃ રાંદેર વિસ્તારમાં જૂની મિત્રતામાં ખટાશ આવ્યા બાદ યુવતીના અંગત ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી જાહેરમાં આતંક મચાવવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાંદેર પોલીસે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાંદેર ઉગત કેનાલ રોડ પર આવેલી ભગવાનનગર સોસાયટીમાં રહેતી પિન્કીબેન (નામ બદલ્યું છે) નામની યુવતીને વિસ્તારમાં જ રહેતા ગોવિંદ ઉર્ફે કાનો પ્રવિણ રાણવા સાથે અગાઉ મિત્રતા હતી. જોકે, કોઈ કારણસર તેમની મિત્રતામાં તિરાડ પડતા ગોવિંદ અદાવત રાખતો હતો. ગત તા. ૧૩ મેની રાત્રે ગોવિંદ અને તેનો સાળો દત્તુ યુવતીના ઘરે પહોંચ્યા હતા અને જૂના ફોટા વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી બિભત્સ ગાળો ભાંડી હતી. યુવતીએ પુરાવા તરીકે પોતાના મોબાઈલમાં ગોવિંદનો વિડીયો ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. આ જોઈ આરોપી દત્તુ ઉશ્કેરાઈ ગયો હતો અને યુવતીને લાફા ઝીંકી દીધા હતા. આ તબક્કે યુવતીનો પરિચિત કેતન પરમાર ત્યાં દોડી આવ્યો હતો અને વચ્ચે પડી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ઉશ્કેરાયેલા બંને આરોપીઓએ કેતન પર પસ્તાળ પાડી હતી અને ઢીંકમુક્કીનો માર માર્યો હતો. ઝપાઝપી દરમિયાન આરોપી ગોવિંદે પોતાના હાથમાં પહેરેલું ભારે કડું કેતનના માથાના ભાગે જોરથી મારી દીધું હતું, જેના કારણે કેતનને ગંભીર ઈજા પહોંચી હતી અને લોહીલુહાણ હાલતમાં તે ત્યાં જ ફસડાઈ પડ્યો હતો. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ પોલીસ પકડથી બચવા નાસી છૂટ્યા હતા. ઘટનાને પગલે ગભરાયેલી યુવતીએ તાત્કાલિક રાંદેર પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્ત કેતનને સારવાર અર્થે ખસેડી પિન્કીબેનની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

# LIGના મકાનના દસ્તાવેજ કામના લાંચ કેસમાં ગુ.હા.બોર્ડના સબઈજનેરનો છૂટકારો

સુરતઃ એલઆઈજીનાં મકાનના દસ્તાવેજનું કામ ઝડપથી કરી આપવા માટે રૂપીયા ત્રણ હજારની લાંચ માંગનાર ગુ.હા. બોર્ડના સબ ઈજનેર નિતીન શાહનો નિર્દોષ છૂટકારો થયો હતો. આ કેસમાં વહેલાસર કામ કરી આપવા ત્રણ હજારની લાંચ માંગતા એસીબીએ છટકું ગોઠવી આરોપી નિતીન ખોડીદાસ શાહને લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ કેસમાં ખાનગી માણસ અને આરોપી ચુનીલાલનું નિધન થયું હતું. આરોપી તરફે વકીલ ઉજ્જવલ દેસાઈએ દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.


**ભારત સરકાર સંચાલિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ હેન્ડલૂમ ટેકનોલોજી, જોધપુર (રાજસ્થાન) ખાતે**

**ડિપ્લોમા કોર્સ ઈન હેન્ડલૂમ એન્ડ ટેક્ષટાઈલ ટેકનોલોજીમાં પ્રવેશ અંગે**

ભારત સરકાર સંચાલિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ હેન્ડલૂમ ટેકનોલોજી. જોધપુર (રાજસ્થાન) ખાતે શરૂ થતા ત્રણ વર્ષના ડિપ્લોમા કોર્સ ઈન હેન્ડલૂમ એન્ડ ટેક્ષટાઈલ ટેકનોલોજીના પ્રથમ વર્ષ તથા બીજા વર્ષ (એલ.ઈ. સીસ્ટમ) માં પ્રવેશ મેળવવા ઈચ્છતા તથા નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રકમાં જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથેની અરજી કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગ, બ્લોક નં. ૭/૨, ઉદ્યોગભવન, ઘ-૪, સેક્ટર-૧૧, ગાંધીનગરની કચેરીને તા.૧૦/૦૬/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. જે બાદ અત્રે મળેલ અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ. અરજી કરનાર ઉમેદવારોએ પોતાનો મોબાઈલ નંબર અવશ્ય લખવાનો રહેશે. ઉમેદવારો આ કચેરીની વેબસાઈટ www.cottage.gujarat.gov.in તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ હેન્ડલૂમ ટેકનોલોજી, જોધપુરની વેબસાઈટ www.iithodhpur.com ઉપરથી ફોર્મ તથા માહિતી ડાઉનલોડ કરી શકશે. તેમ છતાં વધુ માહિતી માટે 079 232 59578 નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે.

જરૂરી શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદા :-

(૧) ડિપ્લોમા કોર્ષમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ધોરણ-૧૦ અંગ્રેજી વિષય સાથે ૩૫ ટકા માર્ક્સ સાથે પાસ કરેલ હોવી જોઈએ. (૨) ડિપ્લોમા કોર્ષમાં બીજા વર્ષમાં (એલ.ઈ.સીસ્ટમથી) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ધોરણ-૧૨ મેથેમેટીક્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષય સાથે પાસ અથવા કોઈ પણ ટેક્ષટાઈલ ડીસીપ્લીનના વ્યવસાયિક પ્રવાહ સાથે ધોરણ-૧૨ પાસ અથવા ધોરણ-૧૦ પાસ સાથે ૨ વર્ષ આઈ.ટી.આઈ. નો કોર્ષ કરેલ હોવો જોઈએ. (૩) પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર (અનુ. જાતિ અને અનુ. જનજાતિ સિવાય) ની વય મર્યાદા તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫ થી ૨૩ વર્ષ હોવી જોઈએ જ્યારે અનુ. જાતિ અને અનુ. જનજાતિના ઉમેદવારો માટે ૧૫ થી ૨૫ વર્ષની હોવી જોઈએ, બીજા વર્ષમાં (એલ.ઈ.સીસ્ટમ થી) પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર (અનુ. જાતિ અને અનુ. જનજાતિ સિવાય) ની મહતમ વય મર્યાદા ૨૫ વર્ષ હોવી જોઈએ જ્યારે અનુ. જાતિ અને અનુ. જનજાતિના ઉમેદવારો માટે ૨૭ વર્ષની હોવી જોઈએ.

સ્ટાઈપેનડઃ-

(૧) ત્રણ વર્ષના કોર્ષ માટે પસંદ થયેલ ઉમેદવારને તેની નિયમિતતા અને કામગીરી ધ્યાને લઈ રૂ. ૨૫૦૦/- લેખે માસિક શિષ્યવૃત્તિ (૫૦% રાજ્ય સરકાર તથા ૫૦% કેન્દ્ર સરકાર તરફથી) ચુકવવામાં આવશે. (૨) ઉમેદવારને સદર તાલીમ દરમિયાન સંસ્થાના નિયમાનુસાર રહેવા, જમવાના, લાઈટબીલ, ટ્યુશન ફી વગેરે તાલીમ દરમિયાન થનાર ખર્ચ પેટે રૂ. ૨૬,૯૫૦/- તેમજ દરેક તાલીમાર્થીને આનુષાંગિક ખર્ચ પેટે વાર્ષિક રૂ. ૨૪,૦૦૦/- (૧૨ * ૨૦૦૦) ની સહાય ગુજરાત સરકારશ્રીના ઠરાવ અનુસાર મળવાપાત્ર થશે. (૩) પસંદગી પામેલા ઉમેદવારે સ્ટાઈપેન્ડ બોન્ડ આપવાનું રહેશે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેન્ડલૂમ ટેકનોલોજી, જોધપુર (રાજસ્થાન) ખાતે રૂબરૂ પસંદગી માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર રહેવાનું રહેશે.

ફોર્મ સાથે સામેલ રાખવાના ડોક્યુમેસઃ-

૧) એલ.સી.
૨) જાહેરાતમાં માંગેલ લાયકાત પ્રમાણેની માર્કશીટ
૩) જાતિનું પ્રમાણપત્ર
૪) EWS પ્રમાણપત્ર
૫) Domicile પ્રમાણપત્ર
૬) Character પ્રમાણપત્ર
૭) જન્મ પ્રમાણપત્ર
૮) આધાર કાર્ડ
૯) રેશન કાર્ડ

આ ઉપરાંત આઈ.આઈ.એચ.ટી. જોધપુર, રાજસ્થાન દ્વારા ઉપરોક્ત ડિપ્લોમા કોર્ષને લગતાં કોઈપણ ડોક્યુમેન્ટસ મંગાવવામાં આવે તો તે ઉમેદવારે રજુ કરવાના રહેશે.

માહિતી/૩૦૯/૨૦૨૬-૨૭


## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ભાવવધારા છતાં...

વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. પેટ્રોલિયમ કંપનીઓ તરફથી જરૂરી પ્રમાણમાં સ્ટોક ન મળતાં અનેક પેટ્રોલ પંપો પર સાંજ પડતા પહેલાં જ પેટ્રોલનો જથ્થો ખૂટી ગયો હતો અને "નજીકના બીજા પંપ પર સંપર્ક કરો" જેવાં બેનરો લગાવવાની ફરજ પડી હતી.

પેટ્રોલિયમ કંપનીઓએ આજથી પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર રૂ.2.99 અને ડીઝલના ભાવમાં રૂ. 3.01નો વધારો અમલમાં મૂક્યો હોવા છતાં લોકોમાં ઈંધણ ભરાવવાની ઉતાવળ યથાવત રહી હતી. શહેરના મુખ્ય માર્ગો, હાઈવે નજીકના પંપો તેમજ રહેણાંક વિસ્તારોના પંપો પર વહેલી સવારથી જ વાહનોની લાઈનો લાગી ગઈ હતી.સુરત શહેર અને જિલ્લાના અંદાજે 50 ટકા જેટલા પેટ્રોલ પંપો પર સાંજ પહેલાં જ પેટ્રોલનો સ્ટોક પૂર્ણ થઈ ગયો હતો. પરિણામે અનેક વિસ્તારોમાં વાહનચાલકોને એક પંપ પરથી બીજા પંપ સુધી ભટકવું પડ્યું હતું. કેટલીક જગ્યાએ ભારે ભીડને કારણે ટ્રાફિક જામ જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી.

ખાસ કરીને કામકાજના સમય દરમિયાન ઓફિસ જતાં કર્મચારીઓ, ટ્રાન્સપોર્ટરો અને ડિલિવરી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક પંપો પર લોકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા હોવાની માહિતી પણ સામે આવી છે.

### સુરત-બેંગકોક...

બાદ બેંગકોક જવાના મુસાફરો તથા ટૂર ઓપરેટરોમાં ભારે અનિશ્ચિતતા ફેલાઈ હતી. ખાસ કરીને ઉનાળાની રજાઓ અને આંતરરાષ્ટ્રીય પ્રવાસની